**पु॰ना International School**

**Shree Swaminarayan Gurukul, Zundal**

| SUMMATIVE ASSIGNMENT -2 2022-23 | |
|---|---|
| Grade – 7 | Subject- GUJARATI |
| Syllabus – CH-6,7,8,9,10 FROM TEXTBOOK | |

**[SECTION – A READING]**

**પ્રશ્ન- I] (અ)નીચે આપેલો ફકરો વાચી તેના પ્રશ્નોના જવાબ લાખો**

1) સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદુ:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

**પ્રશ્નો 1) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?**

જ)પુસ્તક સૌથી શ્રેષ્ઠ મિત્ર છે .

**2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?**

જ) પુસ્તકો આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે

**3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?**

જ) મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી . રાખવાની પ્રેરણા મળે છે

**4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?**

જ) પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી,દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાયછે.

**5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.**

જ) પુસ્તક સૌથી શ્રેષ્ઠ મિત્ર

2) **નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો**

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે

ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

**પ્રશ્નો** : 1) **ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?**

જ) લગ્ન ઉકલી ગયા ત્યારે ઉજાગરાનો અંત આવ્યો .

2) **મા કઇ વસ્તુઓ મેળવે છે ?**

જ) થાળી , વાટકા, ગ્લાસ, ડીશ, વસ્તુઓ મેળવે છે

3)**મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?**

જ) અચાનક કઇક યાદ આવતાં મા ઓરડા વચ્ચે ઊભી રહી જાય છે.

4) **ઘરમાં કોણ નથી ?**

જ) ઘરમાં દીકરી નથી

5)**કાવ્યને યોગ્ય શિર્ષક આપો.**

જ)'મારી દીકરી ક્યાં?'

**[SECTION- B WRITING]**

**પ્રશ્ન- II] (A) નીચેના વિશે નિબંધ લખો.**

**1) વૃક્ષો આપણા મિત્રો નિબંધ**

વૃક્ષ વગરની ધરતીની આપણે કલ્પના કરીએ તો? વૃક્ષ વગરની ધરતી કેવી લાગે ? ક્યારેય કલ્પના કરી છે ? વૃક્ષ વગરની ધરતીની કલ્પના માત્રથી જ આપણા મનમાં કેવુ વિચિત્ર દ્રષ્ય દેખાય છે, માનવજીવન માટે વૃક્ષો, હવા અને પાણી જેટલા જ મહત્વના છે.

મનુષ્ય જીવનમાં વૃક્ષનું સ્થાન અત્યંત મહત્વનું છે. પારણા થી લઈને ચિતાનાં લાકડાં સુધી અને બાળકના રમકડાથી દાદાજીની લાકડી સુધી વૃક્ષની હકુમત છે. પ્રાચીન કાળમાં વૃક્ષનો મહિમા વર્ણવતા કહ્યું છે. "વૃક્ષ ધરતીનું સંગીત છે, ઋતુઓનું સૌંદર્ય છે, આકાશમાં વ્યાપેલી કવિતા છે." શ્વેતાશ્વતર ઉપનિષદમાં વૃક્ષને વિશ્વ પુરુષનું ઉપમાન આપેલુ છે. અથર્વવેદમાં પીપળાના વૃક્ષ ઉપર દેવતાઓનો નિવાસ છે એમ કહી એનું ગૌરવ કર્યું છે. એના પરથી માનવજીવન સાથે વૃક્ષોનું અંતરંગ સંબંધ સૂચવાય છે.

વૃક્ષો મનુષ્યને આંખનો આરામ આપે છે અને હૃદયની તૃપ્તિનો અનુભવ કરાવે છે. શીતળ છાયા, મધુર ફળો, વાતાવરણને સુરભિત કરતાં પુષ્પો, રંગોનું વૈવિધ્ય, ડાળ અને પાનની અનેક આકૃતિઓ જોતાં લાગે છે કે,

**વૃક્ષો એ જાણે રૂપ-રંગ-રસ નો લહેરાતો સાગર છે.**

દવાઓ, ભોજન, કપડા, કાગળ તેમજ સુરક્ષાના માટે પણ વૃક્ષોનો ઉપયોગ થાય છે. વૃક્ષોનું અત્યંત મહત્વનું પાસુ એ છે કે તેનો કોઇ પણ ભાગ અનઉપયોગી નથી. ફળ, બીજ, ફુલ, પાંદડાં, મુળ તેમજ થડ પણ માનવજાતિ માટે કોઈને કોઈ રીતે ઉપયોગી છે.

ખાખરાના પાન માંથી પડિયા પતરાળા બનાવવામાં આવે છે. ટીમરૂના પાન બીડી બનાવવા માટે ઉપયોગમાં આવે છે. તો રબર વગેરે જેવી ઉપયોગી વસ્તુઓ પણ વૃક્ષોમાંથી જ મળે છે. સાગ, સાલ, ચંદન વિગેરે વૃક્ષોનું લાકડું ખુબ જ કિંમતી હોય છે. સાગના વૃક્ષનું લાકડું ઈમારતી હોય છે. સાલનું લાકડુ હોડીઓ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આપણે પાનમાં જે કાથો લગાવીએ છીએ તે, 'ખેર'નાં વૃક્ષમાંથી મેળવવામાં આવે છે. આમ એક એક વૃક્ષનું મહત્વ અને ઉપયોગ માત્ર ટુંકમાં વર્ણન કરીએ તો પણ સેકડો પાના ભરાઈ જાય એટલા વૃક્ષો આપણા માટે ઉપયોગી છે.

**૨) નારી તું નારાયણી નિબંધ -**

**ભગવાન મનુએ મનુસ્મૃતિના ત્રીજા અધ્યાયમાં લખ્યુ છે કે,**

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता"**

અર્થાત જયાં નારીઓની પુજા(સન્માન) થાય છે ત્યાં દેવતા આનંદ પામે છે. આ ઉકતિ હંમેશા આપણને યાદ અપાવે છે કે નારીનું સ્થાન સર્વોપરી છે.

આધુનિકમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, દુર્ગાવતી, પદ્માવતી વિગેરે નારીઓની ગાથા આપે સાંભળી જ હશે. આજે સમાજનું કોઇ એવુ ક્ષેત્ર નથી કે જયાં નારીએ પોતાના ઓજસના અજવાળા પાથર્યા ના હોય.. રાજકારણ ક્ષેત્રમાં ઈન્દિરા ગાંધી, સુષ્મા સ્વરાજ રમતગમત ક્ષેત્રે સાનિયા મિર્ઝા ,મેરીકોમ, અવકાશ ક્ષેત્રે કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ, કલા ક્ષેત્રે મલ્લિકા સારાભાઈ, સંગીત ક્ષેત્રે લત્તા મંગસકર સામાજિક કાર્યાંમાં ઈલાબહેન ભટ્ટ, લેખનક્ષેત્રે અરૂધતી રોય, બેંન્કીંગ ક્ષેત્રમાં અરૂધતી ભટાચાર્ય ઔદ્યોગિક ક્ષેત્રે નિતા અંબાણી વિગેરે નારીઓની સફળતાની ગાથા આપણે સૌ કોઈ જાણીએ જ છીએ. આ બધી જ સ્ત્રીઓ પણ નારીના રૂપમાં નારાયણી સમાન જ છે.

નારીનું જીવન સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાનનું મહાકાવ્ય છે. ભારતીય નારી એ પતિ અને કુટુંબની સેવાને પોતાનો પ્રથમ ધર્મ ગણ્યો છે. કુટુંબ, સમાજ કે દેશના હિત ખાતર ધૂપસળીની જેમ જલી જઈને સુવાસ ફેલાવવા માં તેણે ગૌરવ અનુભવ્યો છે. જીવતરના ઝેર તેણે જાણી જાણીને પીધા છે.

ભારતની નારી એ પોતાના હક ખાતર ક્યારેય બંધ કે ક્રાંતિ કરી નથી. એણે પોતાના અધિકારોની પરવા કર્યા વિના પોતાની ફરજો ઉત્તમ રીતે બજાવી છે. નારી પોતાનો સંપૂર્ણ સમય કુટુંબને સમર્પિત કરી દે છે માટે જ "**નારી તું નારાયણી** છે".

**પ્રશ્ન- II] (B) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.**

1) અકબરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

## <u>બિરબલની યુક્તિ</u>

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્ધિચાતુર્ય માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઇને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઇ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હતા.

કોઇ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

## [SECTION – C GRAMMAR ]

**પ્રશ્ન- III]નીચેના શબ્દોના વિરોધી શબ્દોલખો**

1. ઉંચુ x નીચું
2. રાજી x નારાજ
3. શિખર x તળેટી
4. અંબર x ધરતી
5. ઉત્સાહ x નીઉત્સાહ

**પ્રશ્ન- IV]યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો .**

1. છોકરો રોજ <u>ચદ્ર</u> ને જોયા કરતો .( ચદ્ર , સૂર્ય )
2. <u>ચદ્ર</u> નું મોં વધી-વધીને મોટું ગોળમટોળ થતું .(વાદળ , ચદ્ર )
3. <u>વાદળ</u> દિવસ હોય કે રાત ,રોજ દેખતા .( તારા , વાદળ )
4. છોકરો <u>વેલાં</u> પકડી પર્વત ચડવા માંડ્યો .( દોરડા ,વેલાં )
5. તાપણાની આસપાસ બીડેલા લોકો <u>ઘરબાર</u> ની વાતો કરતા હતા .(ઘરબાર ,વેપાર )
6. લક્ષમણ -રામ –સીતાથી થોડે દૂર <u>શસ્ત્રવિદ્યા</u> નો મહાવરો કરતા હતા .( શસ્ત્રવિદ્યા , મંત્રવિદ્યા )
7. રામનું બીજું નામ <u>રાઘવ</u>છે .( મનોહર ,રાઘવ )
8. <u>લક્ષમણ</u> ને વિશ્રામની જરૂર પડતી ન હતી .(લક્ષમણ , રામ )
9. રાજા દશરથ <u>ચક્રવતી</u> હતા .(ચક્રવતી ,ચદ્રવશી )
10. તડકા <u>માયાવી</u> રાક્ષસી હતી.(માયાવી ,સ્વરૂપવાન )
11. આવો આવો રવિને બકરી **<u>ડુંગર</u>** દેવ પણ આવો .( ,સૂરજ , ડુંગર )
12. રવિ ઘેર જઈને બહેનો સાથે **<u>લખોટી</u>** રમવા લાગ્યો .( લખોટી ,લગડી )
13. રાજાના **<u>બાંધકામ</u>** મંત્રીએ તો વૃક્ષો જ કાપી નાખ્યા .(પર્યાવરણ ,બાંધકામ )
14. **<u>મંદિર</u>** માંથી કોઈના રડવાનો અવાજ સંભળાયો . ( મંદિર, ડુંગર )
15. રાજાએ મહેલના **<u>ચોક</u>** માં સભા ભરી હતી .(ચોક ,બગીચો )

**પ્રશ્ન- V]સાચી જોડણીવાળો શબ્દ શોધીને લખો**

1. અરીસો / અરીશો- અરીસો

2. મૈત્રી /મેંતરી - મૈત્રી
3. પાંદડું /પાંદડુ- પાંદડુ-
4. પથ્થર /પત્થર- પથ્થર
5. પગેરું /પગેરૂ- પગેરૂ
6. રુઆબ / રૂઆબ - રૂઆબ
7. ડિજિટલ/ ડીઝીટલ- _ ડીઝીટલ
8. શસોધન / સંશોધન - સંશોધન
9. પ્રાયોગિક / પ્રાયોગીક- પ્રાયોગિક
10. પાઘડી / પાગડી - પાઘડી
11. ઉપાય / ઊપાય - ઊપાય
12. અજુગતું / અઝુગતું - અજુગતું
13. ઉદ્ઘાટન/ ઉદઘાટન - ઉદ્ઘાટન

**પ્રશ્ન- VI]નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો**

1. 'લીલુંછમ ખાવાનું તો નથી". – **બકરી**
2. "ઘૂસી ગઈ છે કે ઘૂસાડી છે ?".- **માળી**
3. "મને કે તને ક્યાં લખતા આવડે છે ?".-**કાકી**
4. "નારેના ,હું કાંઈ એમ નવરો નથી".- **છજ્જુકાકા**
5. "છોડી શું દે ! સજા કરશે ."-**કાકી**

**પ્રશ્ન- VII]યોગ્ય શબ્દ પસંદ કરી બે વાક્યો જોડો .**

1. આજે પવન જોરદાર છે. પતંગ ચાવાની મજા આવશે .(કે,જેથી ,તેમછતાં )
2. મયુરી નવી સાઈકલ લાવી .તે આંટો મારવા ગઈ .(પરંતુ ,અને )
3. કૈરવ દોડતા દોડતા પડી ગયો .તે રડિયો નહિ .(કે, જેથી ,પરંતુ )
4. દાદાને આજે ઉપવાસ છે .આજે જમશે નહીં .(કારણકે , તેથી )
5. તે માદો હતો . તેણે પરીક્ષા આપી . (એટલે ,તોપણ)

**પ્રશ્ન- VIII]નીચના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો**

1. શ્રીમત = ધનવાન
2. બાગ = બગીચો
3. હુકમ = આજ્ઞા
4. બિદું = ટપકું
5. ચીસ = બૂમ
6. છરી = ચપ્પુ
7. દુષ્ટ = પાપી
8. પોશાક = પહેરવેશ

**પ્રશ્ન-IX ] નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો**

1. "અમે તમારા માટે ડાયનાસોર જોઈ શકાય એ રીતે સમય ને સેટ કર્યો છે ."- શાંતા
2. "ડોન્ટ વરી અબાઉટ ઈટ"- શાંતા
3. "ડાયનાસોર આપણી ડાબી તરફ આવશે"- અભિષેક
4. "હાશ ! ઘરે પાછા આવી ગયા ."- દિગ્વિજય
5. "કોઈ સવાલ ?"- અભિષેક
6. એ... લાંબો ડગલો ,મૂછો વાંકડી ,શિરે પાઘડી ;- રંગલો
7. કેમ ચો વ્હાલા ઝાડભાઈ ,કેમ ચો વહાલા પાન ; -રવિ
8. આ બકરી ઓ ભલેને કરતી અહીંયા સેરસપાટ . -ડુંગર
9. તો ,ટો થી જાય જય જય કાર ; .- રગલી

10. દોસ્તો ને છુટા પાડવાનું અમને ક્યાં કઈ છાજે ! - રાજા

**પ્રશ્ન-X ] નીચેના વિષે બે –ત્રણ વાક્યમાં લખો**

૧) વશિષ્ટ – તે સૂર્યવશી રાજાઓના કુલ ગુરુ હતા . તે સપ્તર્ષિ માના એક ગણાય છે .

૨) દશરથ – તે ઈક્ષ્વાકુ કુળના એક સૂર્યવશી રાજા હતા .તે રામ –લક્ષ્મણ ના પિતા હતા .

૩) રામ – તે વિષ્ણુ ભગવાન ના સાતમા અવતાર ગણાય છે . તે દશરથ – કૌશલ્યાના જયેષ્ટપુત્ર હતા .

૪) લક્ષ્મણ – તે રામના ભાઈ હતા. તે ઉર્મિલા ના પતિ હતા .

૫) સીતા – તે ધરતી પુત્રી હતા. જનક તેમના પાલક પિતા હતા .

૬) રાવણ – તે લકાનો રાજા હતો . તે મંદોદરી પતિ હતો .

**પ્રશ્ન-XI ] નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો**

1. રામ-લક્ષ્મણ ના કુલગુરુ વિશ્વામિત્રજી હતા . ×
2. સીતાનું બીજું નામ જાનકી પણ છે.✓
3. રામ-લક્ષ્મણ વિશ્વામિત્ર ના આશ્રમે રથ માં ગયા હતા . ×
4. લક્ષ્મણે તલવાર વડે શૂર્પણખાનું નાક કાપી નાખ્યું .✓
5. શૂર્પણખાએ રામ સાથે લગ્ન કરવા માટે નોકરાણી બનવા પણ તૈયાર હતી .✓

**[SECTION- D LITERATURE ]**

**પ્રશ્ન-XII ] નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો**

**1)'અચરજ 'વાર્તા કોનીછે ?**

જ)'અચરજ ' વાર્તા ચદ્ર જોવા ઘરેથી ભાગેલા નાનકડા છોકરાની છે .

**2) છોકરો રોજ રાત્રે પોતાની બારીમાંથી શું જોતો ?**

જ) છોકરો રોજ રાત્રે પોતાની બારીમાંથી ચદ્રને ઉંચા વાદળો માં પેસીને લાંબા ઝાડ ઉપર ઢેકીને દૂરના પર્વત તરફ જતા જોતો .

**3)સૂરજ રોજ ક્યાંથી આવતો ,અને ક્યાં આથમી જતો ?**

જ)રોજ પહાડ પાછળથી આવતો ,અને સાંજે છોકરાનું ઘર પાર કરીને આથમી જતો .

**4) એક દિવસ છોકરાને ઘરેથી ભાગી ક્યાં જવાનું મન થયું ?**

જ) એક દિવસ છોકરાને ઘરેથી ભાગી પર્વત પર જવાનું મન થયું .

**5) પર્વત પર જઈને છોકરો સૂરજને શું કરતો જોવાની મજા ઉડાવવા માંગતો હતો ?**

જ) પર્વત પર જઈને છોકરો સૂરજને ચત્તોપાટ સૂતેલો ,સુતા-સુતા બીજા દિવસના વિચાર કરતો જોવાની મજા ઉડાવવા માંગતો હતો

**6)છજુકાકા ની પાસે મિલકત માં શું હતું ?**

જ) છજુકાકાની પાસે મિલકતમાં એક ઝૂંપડી અને એક બકરી હતી .

**7) છજુકાકા ની ઘરની પાસે કોનું ઘર હતું ?**

જ) છજુકાકા ની ઘરની પાસે એક શ્રીમત શેઠનું ઘર હતું .

**8)શેઠે નોકરને શો હુકમ કર્યો ?**

જ) શેઠે નોકરને હુકમ કર્યો કે આને ( છજુકાકાને ) પેલા ઝાડ પાસે ઉભા રાખીને ચાર કોરડા મારો .

**9)રાજાએ શેઠીયાને શી સજા કરી ?**

જ)રાજાએ શેઠીયા ને જેલમાં પુરી દેવાની અને શેઠની મિલ્કત માંથી પચીસ બકરીઓ અને પાંચ સો રૂપિયા છજુકાકાને આપવાની સજા કરી .

**10) છજુકાકાની દ્રષ્ટિએ રાજા કેવા હતા ?**

જ) છજુકાકાની દ્રષ્ટિએ રાજાડાહ્યા અને ચતુર હતા.

**11) જુરાસિક પ્રોગ્રામ ઓફિસર કોણ હતા ?**

જ) શાતા પરમાર જુરાસિક પ્રોગ્રામ ઓફિસર હતા.

**12)દિગ્વિજયે પૈસાના જોરે કઈ તક મેળવી લીધી ?**
જ)દિગ્વિજયે પૈસાના જોરે એક સમયમાંથી બીજા સમયમાં મુસાફરી કરવાના વાહન ટાઈમશટલ –વન (TS -૧) માં મુસાફરી કરવાની તક મેળવી લીધી .

**13)દિગ્વિજય ટાઈમશટલ -વન (TS -૧)માં બેસી ક્યાં જઈ શું જોવા ઈચ્છતો હતો ?**
જ) દિગ્વિજય ટાઈમશટલ -વન (TS -૧) માં બેસી જુરાસિક યુગમાં જઈ ડાયનાસોર જોવા ઈચ્છતો હતો .

**14) જુરાસિક યુગ કેટલા વર્ષ પહેલા હતો ?**
જ) જુરાસિક યુગ ચૌદ કરોડ વર્ષ પહેલા હતો .

**15)ડાયના સોર ના પગ કેવા હતા ?**
જ)ડાયનાસોર ના પગ વિશાળ વડ ના થડ જેટલા જાડા હતા .

**16)લક્ષ્મણ ને કેમ વિશ્રામની જરૂર પડતી નથી ?**
જ) લક્ષ્મણ શેષનાગ નો અવતાર હોવાથી તેને થાક લાગતો નથી .તેથી તેને વિશ્રામની જરૂર પડતી નથી.

**17) રામ - લક્ષ્મણ ક્યાં નગરમાં રહેતા હતા ?**
જ) રામ - લક્ષ્મણ અયોધ્યા નગરીમાં રહેતા હતા .

**18)રામે તાડકાને કેવી રીતે મારી ?**
જ) રામે તાડકાને તેમના પિતાશ્રી દશરથ પાસેથી શીખેલી શબ્દવેધી બાણ વિદ્યાથી મારી .

**19) રામના મોટા ભાગના કામ કોણ કરતું ?**
જ) રામના મોટા ભાગ ના કામ લક્ષ્મણ કરતા .

**20)શુર્પણખા કોની બહેન હતી ?**
જ)શુર્પણખા લંકા પતિ રાવણની બહેન હતી.

21) રંગીલાએ આવીને કોને- કોને નમસ્કાર કર્યા ?
જ) રંગીલાએ આવીને નાનાને ,મોટાંને , જાડાને , પાતળાં ને અને છોકરાને નમસ્કાર sssકર્યા.

**22) રંગલી અને રંગલો દરેક વખતે વાતના અંતે ક્યાં શબ્દો બોલે છે ?**
જ) રંગલી અને રંગલો દરેક વખતે વાતના અંતે તા થૈયા થૈયા તાથૈ ........એવા શબ્દો બોલે છે .

**23) રંગલો કોની વાત લઈ આવ્યો છે ?**
જ) રંગલો રવિ અને ડુંગરની દોસ્તીની વાત લઈને આવ્યો છે .

**24) ડુંગર કેમ ખડખડાટ હસી પડ્યો ?**
જ) રવિએ ડુંગરને વાર્તા અને ટુચકા કહ્યા ત્યારે રવિની ચપડચપડ સાંભળી તે ખડખડાટ હસી પડ્યો

**પ્રશ્ન-XII ] નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો**

**1) ચદ્રમાં દરરોજ રાત્રે કેવા ફેરફાર થતા હતા?**
જ)ચદ્રનું મોં દરરોજ રાત્રે જરા-જરા વધતું જઈ મોટું ગોળમટોળ થતું હતું .ત્યાર પછી પાછું ધીમે ધીમે નાનું થઈ
આખરે એક રાત્રે છુ થઈ જતું .

**2) પર્વત પર ચડવા જતા છોકરાની હાલત કેવી થઈ ?**
જ) પર્વત પર ચડવા જતા છોકરાના પગ દુખવા માંડ્યા પણ એ હસતા-હસતા દોડતો રહ્યો .એના કપડાં ખરડાવા માંડ્યા ,શ્વાસ ભરાઈ આવ્યો અને આંખમાંથી પાણી ઝીવામાંડ્યું .

**3)દિવસે સુરજે ઉતારેલા ડગલાનું વાદળ શું કરતા ?**
જ) વાદળ દિવસે સુરજે ઉતારેલા રંગ- રંગીન ડગલાં પહેરી આકાશમાં જોતા . તેઓ ઘેલા થઈને નાચતા અને પોતાનો આકાર અરીસામાં જોતા .તેઓ ઘેલા થઈને નાચતા અને પોતાના આકાર બદલતા .

**4)બકરી કેવી રીતે મરી ગઈ ?**
જ) બકરી શેઠના બગીચા માં છીડામાંથી ઘૂસીને મસ્તીથી નાના-નાના છોડ ના કૂણાં-કૂણાં પખાતીહતી . એ જોઈ માંડી ને ગુસ્સો ચડ્યો .તેણે બકરીના માથામાં જોરથી ડાંગ ફટકારી .બકરીબે – બે કરતી ચીસ પાડી ત્યાં જ લાંબીલસ થઈ ગઈ ને મરી ગઈ .

**5)છેલ્લે રાજાએ છજુકાકા ને શું કહ્યું ?**
જ) છેલ્લે રાજાએ છજુકાકાને કહ્યું ,'કે તારી પત્નીને કહે જે એ બહુ સ્વાદિષ્ટ ઢેબરાંબનાવે છે

**6)ટાઈમશટલ - ૧ (TS -૧) નીશીવિશેષતાહતી ? તેનીશોધક્યારેથઈહતી ?**

જ)ટાઈમશટલ - ૧ (TS -૧) ની વિશેષતા એ હતી કે તે એક સમયમાંથી બીજા સમયમાં મુસાફરી કરાવતું વાહન હતું . તેની શોધ ઈ .સ ૨૦૯૪ માં થઈ હતી .

**7)ડાયના સોર દેખાવે કેવું હતું ? તે ક્યાં આવીને ઉભું હતું ?**

જ) ડાયનાસોર દેખાવે ડુંગર જેવું વિશાળ હતું . તે પગદડી ના છેડે બનાવેલા ચોરસની સામે આવીને ઉભું હતું .

**8) શટલ માંથી ઉતર્યા બાદ શાંતાની નજર ક્યાં પડી ?**

જ) શટલમાંથી ઉતર્યા બાદ શાંતાની નજર દિગ્વિજય ના બુટ પરની માટીમાં ચોંટેલા એક મરેલા પતંગિયા પર પડી .

**9) શૂર્પણખા એ રામને લગ્ન કરવાનું કહેતા રામે શું કહ્યું ?**

જ)શૂર્પણખાએ રામને લગ્ન કરવાનું કહેતા રામે કહ્યું ,"હેદેવી ! હું તો પરણેલો છુ . આ સુંદર અને સુશીલ જાનકી મારી પત્ની છે .

**10) રામે શૂર્પણખાને લક્ષ્મણ સાથે લગ્ન કરવા શું કહ્યું ?**

જ) રામે શૂર્પણખા ને લક્ષ્મણ સાથે લગ્ન કરવા કહ્યું ,"જો પેલા તલવાર ધારી યુવાન નું રૂપ સરસ છે .એ એકલો છે . એની સાથે લગ્નની વાત કર".

**11) છેલ્લે લક્ષ્મણે શૂર્પણખા વિશે આક્રોશ સાથે શુંકહ્યું ?**

જ) છેલ્લે લક્ષ્મણે શૂર્પણખા વિશે આક્રોશ સાથે કહ્યું ,"આટલું-આટ્લું સમજાવવા છતાં પણ તે સમજતી નથી ,કોઈનું સાંભળતી પણ નથી .એના તો કાન પણ કાપી લેવા જોઈએ ."

**12) રંગલાએ પોતાનો પરિચય આપવા કઈ પક્તિઓ કહી ?**

જ) રંગલાએ પોતાનો પરિચય આપવા નીચેની પક્તિઓ કહી :એ ....લાંબો ડગલો ,મૂછો વાંકડી ,શિરે પાઘડી રાતી ....
બોલબોલતો તોડી તોડી ,છેલછબીલો ગુજરાતી !

**13) છેલ્લે રાજાએ રવિની વાત મણિ મંદિર ની પ્રાણપતિષ્ટા માટે શું ફરમાન કર્યું ?**

જ) છેલ્લે રાજાએ રવિની વાત મણિ મંદિર ની પ્રાણપતિષ્ટા માટે ફરમાવ્યું કે અડવાડિયા સુધી રોજ રવિને બકરી ઓ ચરાવવા ડુંગર પર જવા દેવો ને એની વાત ચકાસવી .

**14) મંદિરના ઉદ્ઘાટન પ્રંસગે લોકો શું શણગારી રહ્યા હતા ?**

જ) મંદિરના ઉદ્ઘાટન પ્રંસગે લોકો ફુલહાર થી મંદિર , મંદિરની આસપાસનો ડુંગર ,રસ્તો બધું શણગારી રહ્યાહતા .

**15) મંદિરનું ઉદ્ઘાટન કેવી રીતે થયું ?**

જ) રવિ ના હાથે મંદિરમાં પૂજા કરાવીને સૌએ પૂજા શરૂ કરી .તેમ કરતા કઈ અગુંગતું થયું નહીં પણ ડુંગરઉપરથી વાંસળીના સુંદર સૂરો ગામ સુધી રેલાય . ગામ લોકો રવીના વખાણ કરતા કરતા ડર્યા વગરમંદિરે આવતા થયા . આ રીતે મંદિરનું ઉદ્ઘાટન થયું .